**DATE: 03/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### યુવતીએ સંબંધ તોડી નાંખતા આરોપી મારઝૂડ કરતો હતો

# જંબુસરની દલિત યુવતી સાથે ચાર વર્ષથી દુષ્કર્મ કરનાર યુવાન ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસર તાલુકાના એક ગામમાં રહેતી દલિત સમાજની યુવતી સાથે છેલ્લા ચાર વર્ષથી દુષ્કર્મ આચરી રહેલાં યુવાન સામે ફરિયાદ નોંધાયા બાદ પોલીસે તેની ધરપકડ કરી છે.

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના એક ગામમાં રહેતી 31 વર્ષીય દલિત યુવતીને ગામના જ એક યુવાન સાથે પ્રેમ સંબંધ હતો.



છેલ્લા ચાર વર્ષથી યુવક અને યુવતીએ અનેક વખત શારિરીક સંબંધો બાંધ્યાં હતાં. જ્યારે યુવતીએ યુવાન સાથે સંબંધ રાખવાની ના પાડી દીધી ત્યારે યુવાને પોત પ્રકાશ્યું હતું અને તેણે યુવતીની હેરાનગતિ શરૂ કરી દીધી હતી અને બળજબરી કરી શારિરીક સંબંધ બાંધવા લાગ્યો હતો. યુવકની બળજબરીથી કંટાળેલી યુવતીએ યુવાન વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે નરેન્દ્ર નામના આરોપીની ધરપકડ કરી છે. તેની સામે દુષ્કર્મ તથા એટ્રોસીટી એકટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 03/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

# અંકલેશ્વરમાં બે જગ્યાથી રૂા. ૨૫ લાખનો દારૂ પકડાયો

। અંકલેશ્વર ।

અંકલેશ્વર જીઆઈડીસી અને તાલુકા પોલીસે શનિવારની રાત્રે અલગ અલગ જગ્યાએ રેડ કરીને દારૂનો વિપુલ જથ્થો પકડી પાડ્યો હતો. ડઢાલ તેમજ અંકલેશ્વર જીઆઈડીસી માંથી રૂપિયા ૨૪.૩૦ લાખનો દારૂનો જથ્થો પકડાયો હતો.

અંકલેશ્વર તાલુકા પોલીસે ૧૨મીના આધારે દઢાલ ગામની સીમમાં આવેલ સુદામા ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ માં ૨૦૩ નંબરના પ્લોટમાં રેડ કરી હતી જેમાં જીગ્નેશ ઉર્ફે જીગો પરીખ નામનો બુટલેગર ફરાર થઈ ગયો હતો અને પોલીસે વિદેશી શરાબની બોટલો અને બિયરના ટીન મળીને રૂપિયા ૧૨.૨૬ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ફરાર જીગ્નેશ વિરુદ્ધ તપાસ હાથ ધરી છે.

તો બીજી તરફ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે જીઆઈડીસી માં આવેલ પ્લોટ નંબર ૩૬૦૮ ની પાછળ દિવાલના ભાગે બાતમીના આધારે રેડ કરતા ત્યાંથી પણ મોટી માત્રામાં વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. રૂપિયા ૧૨,૦૪,૮૦૦ ના મુદ્દા માલ સાથે પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. જ્યારે આ કેસમાં અન્ય છ આરોપીઓ ફરાર હોવાથી પોલીસે તેમના વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 05/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### સિધ્ધપુરના યુવાનની હત્યામાં નિરવ શાહને આજીવન કેદની સજા પણ પેરોલ પર છૂટી ફરાર

# ભરૂચમાં સોનીને લૂંટ્યા બાદ મુખ્ય સુત્રધાર ચેન્નાઇમાં લૂંટ કરે તે પહેલાં મુંબઇથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના નબીપુર ખાતે અમદાવાદના જ્વેલર્સને આંતરી સવા કરોડની લૂંટવાના કારસાના માસ્ટર માઇન્ડને પોલીસે મુંબઇથી ઝડપી પાડ્યો છે. આરોપીની ધરપકડ કરતાં ચોંકાવનારી અન્ય વિગતો બહાર આવી હતી. આરોપીએ વર્ષ 2015માં પાટણના સિદ્ધપુર ખાતે વિપ્ર યુવાનનું અપહરણ કરી 40 લાખની ખંડણી માંગી હત્યા કરી હતી. જેમાં તેને આજીવન કેદની સજા પણ ફટકારાઇ હતી. પોલીસે તેણે જ્વેલર્સને લૂંટવાનો કારસો કેવી રીતે બનાવ્યો અન્ય સાગરિતો સાથે તે કેવી રીતે સંપર્કમાં આવ્યો તેની વિગતો એકત્ર કરવાની કવાયત હાથ ધરી છે.

નબીપુરના ઝનોર રોડ પર અમદાવાદના જ્વેલર્સને આંતરી પાંચથી વધુ શખ્સોએ રિવોલ્વર તેમજ ચપ્પુ બતાવી સોનાના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ સવા કરોડની મત્તાની લૂંટને અંજામ આપી ફરાર થઇ ગયાં હતાં. મામલામાં તુરંત એક્શનમાં આવી નાકાબંધી કરવા સાથે આસપાસના જિલ્લાઓને એલર્ટ કરતાં ત્રણ સાગરિતોને શિનોરની સેગવા ચોકડીએથી ઝડપી પડાયાં હતાં. જ્યારે અન્ય બે સાગરિતોને અમદાવાદથી ક્રાઇમ બ્રાન્ચની ટીમે દબોચી લીધાં હતાં. પ્રાથમિક પુછપરછમાં તેમણે મુંબઇના નિરવ ઉર્ફે રવિ મહેશ શાહ નામના શખ્સના કહેવાથી તેમણે લૂંટ કરી હોવાનું કબુલતાં ભરૂચ એલસીબીની ટીમે તેના પગેરૂ શોધવાની કવાયત હાથ ધરી હતી.

જેમાં તે મુંબઇ નજીક વસઇ ખાતે રહેતો હોવાનું માલુમ પડતાં એક ટીમ મુંબઇ રવાના થઇ હતી. અરસામાં તે મુંબઇ-પુના રોડ પર આવેલી ફાઉન્ટેન હોટલે આવ્યો હોવાનું માલુમ પડતાં ટીમે તેને ત્યાંથી જ દબોચી લઇ ભરૂચ લાવ્યાં હતાં. પુછપરછમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. પાટણના સિદ્ધપુર ખાતે 2015માં દેવાંગ ઠાકર નામના એક યુવાનનું અપહરણ કર્યાં બાદ તેની હત્યાની ઘટનામાં નિરવ શાહ મુખ્ય આરોપી હતો. કોર્ટે તેને આજીવન કેદની સજા કરતાં તેને સાબરમતી મધ્યસ્થ જેલમાં ધકેલાયો હત. જ્યાંથી તેણે વચગાળાના જામીન પર છૂટ્યાં બાદ ફરાર થઇ ગયો હતો. આર્થિક સંકળામણમાં તેણે સોનીને લૂંટવાનો પ્લાન બનાવી મનોજ તેમજ દેવ નાગરનો સંપર્ક કરી નાસીકથી માણસો બોલાવી આખો ખેલ કર્યો હતો તેમ ભરૂચ એસપી ડો. લીના પાટીલે જણાવ્યું હતું.



## મનોજને 5 લાખ-દેવને 3 લાખ આપવાનું નક્કી થયું હતું

જ્વેલર્સની રેકી કરી તેની વિગતો પહોંચાડવા અને લૂંટના સમયે તેનો પિછો કરવા સહિતના કામ માટે મુંબઇના નિરવે દેવ નાગરને 3 લાખ આપવાનું નક્કી કર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. જ્યારે લૂંટને અંજામ આપવા નાસિકથી માણસો લઇ આવવા માટે મનોજ સોનવણેને 5 લાખ આપવાના હોવાનું કબુલ્યું હતું.

## શાહપુરા ગામ પાસે ફેંકેલું હથિયાર પણ મળ્યું

જ્વેલર્સને લૂંટવા માટે આરોપીઓએ બંદુક તેમજ ચપ્પુ સહિતના હથિયાર બતાવીને ધાકધમકીઓ આપી હતી. જોકે, આરોપીઓએ ભાગતી વેળાં હથિયાર સહિતની સામગ્રી રસ્તામાં જ ખેતરોમાં ફેંકી દીધી હતી. પોલીસે વિસ્તારના ખેતરોમાં તપાસ કરતાં શાહપુરા ગામ પાસેથી બંદુક મળી આવી હતી.

## મુખ્ય સુત્રધાર નિરવ શાહ પેરોલ જમ્પમાં વોન્ટેડ હતો

પાટણના સિદ્ધપુર ખાતે વર્ષ 2015માં વિપ્ર યુવાન દેવાંગ ઠાકરનું અપહરણ કર્યાં બાદ હત્યા કરી હતી. જેમાં નિરવ શાહની પોલીસે ધરપકડ કરી હતી. કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી, અરસામાં નિવરે વચગાળાના જામીન મેળવી ફરાર થઇ જતાં તેને પેરોલ જમ્પ કરવા બદલ વોન્ટેડ જાહેર કરાયો હતો.

## નબીપુરનો ખેલ બગડતાં ચેન્નઇમાં લૂંટનો પ્લાન બનાવ્યો

પ્રાથમિક પુછપરછમાં ઝડપાયેલાં નિરવ શાહે જણાવ્યું હતું કે, તેણે અમદાવાદના સોનીને લૂંટવાનો પ્લાન બનાવ્યો હતો. જેમાં તેના સાગરિતો તુરંત ઝડપાઇ જતાં તેના ઇરાદા પર પાણી ફરી વળ્યું હતું. ત્યારે હવે આજ પ્રકારે ચેન્નઇમાં લૂંટ કરવાના ઇરાદે તેણે માણસો તૈયાર કર્યાં હતાં. જોકે, તે પહેલાં તે પોલીસના સંકજામાં સપડાઇ ગયો હતો.

## કાવી-વેડચ પોલીસે 14 સામે ગુનો નોંધ્યો

# જંબુસરમાં બે સ્થળે ચાલતી જુગારની મહેફિલ પર દરોડાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર તાલુકા વિસ્તારમાં પોલીસ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરાયું હતું. દરમિયાનમાં કાવી પોલીસે દહેગામ ગામના બસ સ્ટેન્ડ સામેના રાઠોડવાસ ફળિયામાં જુગાર રમતાં નઈમ મલેક, અમર મલેક તેમજ હારૂન મલેકને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે તલ્હા અબ્દુલ, તલ્હા યુસુફ તેમજ ઝાકીર અલ્લી ફરાર થઈ ગયાં હતાં જ્યારે વેડચ પોલીસે કહાનવા ગામ બંગલાવગામાં આવેલાં જાદવ તલાવડી પાસે જાહેરમાં જુગાર રમતાં કરીમ ચૌહાણ, અયુબ ચૌહાણ તેમજ અબ્દુલ ચૌહાણને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. જ્યારે રફીક ચૌહાણ, સાદીક ચૌહાણ, સઈદ પરમાર, ઈરફાન ચૌહાણ તેમજ જાકીર પોલીસને ચકમો આપી નાસી છુટ્યાં હતાં. ટીમોએ બન્ને સ્થળેથી કુલ 6400થી વધુની મત્તાનો મુદ્દામલા જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસની કાર્યવાહીના પગલે જુગારીયાઓમાં ફફડાટ છે.

**DATE: 05/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## પોલીસે 8 હજારની દવા જપ્ત કરી

# વડદલા ગામેથી વધુ એક બોગસ તબીબ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા પંથકમાં આવેલી ઔદ્યોગિક વસાહતોને કારણે લેભાગુ ઝોલાછાપ તબીબો ઉઠાવે છે. ભુતકાળમાં પોલીસ દ્વારા સતત ચેકિંગ કરી બોગસ તબીબોને ઝડપી પાડ્યાં છે. છતાંય કેટલાંક ભેજાબાજો હજી પોતાની દુકાન ચાલું રાખી છે. દરમિયાનમાં દહેજ પોલીસે તપાસ કરતાં વડદલા ગામે એક બોગસ તબીબ હોવાનું માલુમ પડતાં તેના ત્યાં ચેકિંગ હાથ ધર્યું હતું. તબીબનું નામ રોબીન સપન પાલ (રહે. વડદલા, પટેલ કોલોની) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેના સર્ટીફિકેટ તપાસતાં તેની પાસે માન્યતા પ્રાપ્ત મેડિકલ પ્રેક્ટીસ અંગેનું કોઈ સર્ટીફિકેટ નહીં હોવાનું માલુમ પડ્યું હતું. જેના પગલે ટીમે તેના દવાખાનામાંથી કુલ 8 હજારની મત્તાની દવાઓ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તેની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ભરૂચ એલસીબીની ટીમની કાર્યવાહી

# દઢાલમાં પ્લોટમાં સંતાડેલો 12.26 લાખનો દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના દઢાલ ગામ પાસેના સુદામા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલ પ્લોટમાંથી ભરૂચ એલસીબી પોલીસે 12.26 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી બુટલેગરને ફરાર જાહેર કર્યો છે.

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન દઢાલ ગામની સીમમાં આવેલ સુદામા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલ પ્લોટ નંબર 13,14 માં જીઆઈડીસી વિસ્તારમાં રહેતા જીગ્નેશ કિરીટ પરીખ નામના બુટલેગરે મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો સંતાડયો હોવાની બાતમી મળી હતી. પોલીસે દરોડો પાડતાં દારૂની બોટલો મળી આવી હતી. સ્થળ પરથી પોલીસે 12.26 લાખનો દારૂ કબજે કર્યો હતો. જ્યારે બુટલેગરને ફરાર જાહેર કર્યો છે. પોલીસની ધોંચ વધતા હવે બુટલેગરો દારૂ સંતાડવા માટે અવનવા કિમિયા અજમાવી રહયાં છે.

**DATE: 05/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વરની વાલિયા ચોકડી પાસે બનેલી ઘટના, કામગીરીને સૌએ વખાણી

# ટ્રાફિક માટે કારણભૂત માર્ગ પરના ખાડા પોલીસ જવાને જાતે કપચી મંગાવી પૂર્યા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની વાલિયા ચોકડી પાસે પડેલાં ગાબડાને ખુદ પોલીસ કર્મચારીએ પાવડો લઈને પુરી દઈ વાહનચાલકોની સલામતી અને સુરક્ષા વધારી હતી.

ભરૂચ જિલ્લા પોલીસની વધુ એક સારી કામગીરી સામે આવી છે. શનિવારે વરસતા વરસાદમાં ફરજ બજાવતી મહિલા બીટીઈટી બાદ હવે અન્ય એક કર્મચારીએ તેની ખાડા પુરવાની કામગીરીને લઈને ચર્ચામાં આવ્યો છે. વાલિયા ચોકડી પર આવેલ બ્રિજ પાસે વરસાદમાં માર્ગ પર ગાબડાં પડ્યા હતાં. જેને લઈ ટ્રાફિક સમસ્યા ઉદભવી રહી હતી. આ બાબત ટ્રાફિક જવાન ના ધ્યાને આવતા ગાબડાં પુરાવા માટે ના મટીરીયલ ની વ્યવસ્થા કરી હતી ને બ્રિજ પર પહોંચી ગાબડાં જાતે જ પુરાવા લાગ્યો હતો.



**DATE: 05/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ભડકોદ્રા ગામેથી દારૂ જપ્ત, બૂટલેગર ફરાર

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસની ટીમે ચોક્કસ માહિતી આધારે ભડકોદ્રા ગામના નવીનગરી વિસ્તારમાં દારૂ નો વેપલો ચલાવતા મહેશ બાબુ વસાવાના ઘરે દરોડા પાડ્યા હતાં. તેના ઘરમાંથી દારૂની 19 બોટલ અને બિયરના 2 ટીન મળી આવ્યાં હતાં. પોલીસે 3 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને ફરાર થઈ ગયેલાં બુટલેગરને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

### દધેડા ગામ પાસે અવાવરુ જગ્યાએ પોલીસનો દરોડો

# ઝઘડિયાની કંપનીમાંથી પાઈપની ચોરી કરનારા બે તસ્કરો સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયાની આકાશ પોલીફિલ્મ નામની કંપનીમાં 1 લાખ રૂપિયાની કિમંતના પાઈપની ચોરીમાં બે તસ્કરોને પોલીસે દધેડા ગામ નજીકથી ઝડપી પાડયાં છે.

ઝઘડિયાની કંપનીમાં થયેલી ચોરીમાં બે તસ્કરો સીસીટીવી કેમેરામાં દેખાયાં હતાં. પોલીસે તેના આધારે તપાસ શરૂ કરી હતી. જીઆઈડીસી પીઆઈ શેલાણાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી તે સમયે દધેડા ગામના સ્મશાન પાસે અવાવરૂ જગ્યામાં બે ઈસમો લોખંડના પાઈપ કાપી રહયાં હોવાની બાતમી મળી હતી. પોલીસે સ્થળ પર દરોડો પાડી આમોદના દાંડા ગામની નવીનગરીમાં રહેતાં કમલેશ વસાવા અને દધેડાના રાજેશ વસાવાને ઝડપી પાડયાં હતાં. તેમની પાસેથી આશરે 6 થી 7 ફુટના એસએસના પાઈપના કાપેલ નાના મોટા ટુકડા નંગ 13 મળી આવ્યા હતા. આ પાઈપ તેમને આકાશ કંપનીમાંથી ચોરી કર્યાની કબુલાત કરી હતી. પોલીસે બંને આરોપીની ધરપકડ કરી કુલ 1 લાખ રૂપિયા ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

પોલીસે ઝડપાયેલાં બન્ને તસ્કરોએ અન્ય કોઈ ગુનાને અંજામ આપ્યો છે કે કેમ, તેમની સાથે અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તેની પણ તપાસ શરૂ કરી છે.

**DATE: 05/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### વડોદરાનો ધમો પોલીસને ચકમો આપી ફરાર

# અંકલેશ્વર દારૂના પ્રકરણમાં દમણનો બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના અમરતપુરા પાટીયા પાસેથી ઝડપાયેલાં દારૂના પ્રકરણમાં નાસતો ફરતો બૂટલેગર ઝડપાયો છે.

ભરૂચ એલસીબીએ 15મી જૂન ના રોજ અંકલેશ્વર હાઈવે ઉપર અમરત પુરા પાટીયા નજીકથી ઈકો કારમાંથી 65 હજાર ઉપરાંતનો દારૂના જથ્થા સાથે વડોદરાના વિજય રોહિતની ધરપકડ કરી રૂપિયા 3.72 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસની પૂછપરછમાં વડોદરાના ધમાએ દમણના અજીત ભંડારી પાસેથી દારૂનો જથ્થો મંગાવ્યો હોવાની વિગતો ખૂલતાં પોલીસે બંનેને વોન્ટેડ જાહેર કર્યા હતાં. પોલીસે દમણના બુટલેગર અજીત ભંડારીને ઝડપી પાડયો છે જયારે ધમો હજી ફરાર છે. દમણથી વડોદરા સુધી દારૂના જથ્થાની ખેપ મારવામાં આવી રહી હતી પણ અંકલેશ્વર નજીકથી કારચાલક પોલીસના હાથે ઝડપાઇ ગયો હતો. આરોપીને સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યો હતો.

**DATE: 05/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચમાં પીઆઇટી એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહીનો બીજો કિસ્સો

# એમડી ડ્રગ્સનો કારોબાર કરનારાને ખાસ કિસ્સામાં રાજકોટની જેલમાં ધકેલાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચપોલીસની ટીમે જિલ્લામાં બીજીવાર પીઆઈટી એનડીપીએસ એક્ટ હેઠળ આરોપીની ધરપકડ કરી તેને રાજકોટ મધ્યસ્થ જેલમાં જાપ્તા હેઠળ મોકલી આપ્યો છે. આ અગાઉ 2019માં ચરસની હેરાફેરી કરનાર ફિરજ ઉર્ફે કાળુ ઉસ્તાદ ઉર્ફે બમ્બૈયા ગુલામ મહંમદ બલોચ (મકરાણી) નામના શખ્સ વિરૂદ્ધ પહેલીવાર આ એક્ટ હેઠળ કાર્યવાહી કરાઈ હતી.

ભરૂચ પોલીસ ઇલ્યાસ અલી હુસેન મલેક (રહે. શાલીમાર સોસાયટી, નવીનગરી, દેરોલ) વિરૂદ્ધ બે વાર મોફેડ્રીન ડ્રગ્સની હેરાફેરીનો કેસ થયો હોઇ તેની સામે પીઆઈટી એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહીની કવાયત હાથ ધરી હતી. પીઆઈટી એનડીપીએસ એક્ટ હેઠળ અટકાયત માટેની સત્તા માત્ર સીઆઈડી ક્રાઈમના ડીજી પાસે હોઈ ભરૂચ પોલીસે તેમના સમક્ષ આરોપીની ફાઈલ રજૂ કરી હતી. દરમિયાનમાં તેમણે પીઆઈટી એનડીપીએસ એક્ટ હેઠળ આરોપીની અટકાયત કરવાનો હુકમ કરતાં એસઓજીની ટીમે ઇલ્યાસ અલી હુસેન મલેકની ધરપકડ કરી તેને રાજકોટ મધ્યસ્થ જેલમાં જાપ્તા હેઠળ મોકલી અપાયો હતો.

## પીઆઇટી એનડીપીએસ એક્ટ શું છે ?

દારૂ, જુગાર, મારામારી સહિતના ગુનાઓમાં કુખ્યાત વ્યક્તિઓ સામે સામાન્ય રીતે પાસા કરવામાં આવતી હોય છે. ત્યારે કેફી પદાર્થોના વેચાણના ગુનામાં સંડોવાયેલાં કુખ્યાત લોકો સામે પીઆઈટી એનડીપીએસ એક્ટ હેઠક કાર્યવાહી કરાય છે.

### પોલીસે 4.75 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# સાયખા-વિલાયત ગામે ત્રણ સ્થળે ગેસ રિફિલિંગનું કૌભાંડ



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમે વાગરાની વિલાયત જીઆઇડીસીમાં આવેલી એક દુકાનમાં ચાલતું ગેસ રીફિલીંગનું કૌભાંડ ઝડપી પાડી કુલ 1.09 લાખના ગેસના નાના-મોટા બોટલો તેમજ એક ટેમ્પો સહિત 4.10 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઉપરાંત બે આરોપીને ઝડપી પાડ્યાં હતાં.

વાગરા તાલુકામાં આવેલી વિલાયત જીઆઇડીસી ચોકડી પાસેની એક કરિયાણાની દુકાનમાં ચોક્કસ બાતમીના આધારે રેડ કરી તપાસ કરતાં દરઘા દેવસી રબારી નામનો શખ્સ તેની દુકાનમાં ઇન્ડિયન કંપનીના ગેસના બોટલમાંથી નાની બોટલમાં ગેસ રીફિલીંગ કરી રહ્યો હતો.જેના પગલે તેની પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, નજીકમાં આવેલી ચામુંડા સ્ટીલ નામની દુકાનમાંથી મુકેશ શીવલાલ દેવાસી પાસેથી તે ગેસના બોટલ ભરવા લાવે છે. જેથી એલસીબીની ટીમે તેના ત્યાં પણ દરોડો પાડતાં એક ટેમ્પોમાં મોટી માત્રામાં ગેસના બોટલો ભરેલાં મળી આવ્યાં હતાં. જે અંગે તેને પુછતાં તેણે જણાવ્યું હતું કે,ગેસ એજન્સીમાંથી તેઓ બીલ વગર મોટી બોટલો લાવી નાની બોટલો રીફિલીંગ કરવાનું કૃત્ય આચરે છે. ટીમે તેમની પાસેથી 1.09 લાખના ગેસના નાના-મોટા બોટલો તેમજ એક ટેમ્પો સહિત 4.10 લાખનો મુદ્દામાલ જપ્ત કરી બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ વાગરા પોલીસની ટીમે પણ એક્શનમાં આવી સાયખા ગામે મેઇન રોડ પર આવેલી નાગરાજ ગેસ નામની દુકાન તેમજ અન્ય એક શખ્સની દુકાનમાં દરોડો પાડતાં બન્ને સ્થળે ગેસ રીફિલીંગનું કૌભાંડ ઝડપાયું હતું. જેમાં નાગરાજ ગેસ નામની દુકાનમાં ભાકારામ ઉર્ફે ભરત રામજી રબારીને ઝડપી પાડી તેની પાસેથી કુલ 36 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે માર્કેટમાં આવેલી મુકેશ દેવાસીની દુકાનમાંથી શૈલેષ છગનસિંહ ભીલને ઝડપી પાડી તેની પાસેથી કુલ 28 હજારનો મુદ્દામા જપ્ત કર્યો હતો.

### લઘુમતિ કોમના યુવાનના માતા-પિતા પોલીસ પકડથી દૂર

# હિન્દુ નામ ધારણ કરી યુવતી સાથે લગ્ન કરનાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની એક યુવતિ ફલશ્રુતિ નગર પાસે આવેલાં એક પીએફ કન્સલ્ટન્ટ પાસે નોકરી કરતી હતી. જેમાં ઓફિસના માલિક તેમજ અન્ય બે શખ્સોએ યુવતિને એક યુવાન સાથે સંપર્ક કરાવ્યો હતો. જેણે પોતાની ઓળખ આરવ પરમાર તરીકે આપી હતી. તેમની વચ્ચે મૈત્રી થતાં સમયાંતરે તેઓ વચ્ચે પ્રેમ પ્રાંગર્યો હતો. બાદમાં તેમણે વડોદરા ખાતે રજીસ્ટર લગ્ન કરી લીધાં હતાં. આ સમયગાળા દરમિયાન તેણે યુવતિ સાથે અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું. દરમિયાનમાં યુવતિને તેમનું મેરેજ સર્ટીફિકેટ મળતાં તેમાં આરવ પરમારને બદલે આતિક સૈયદ નામ લખેલું જોઇ તે ચોંકી ઉઠી હતી. તેની સાથે લઘુમતી કોમના યુવાને પોતાના સાચા ધર્મને છુપાવી ખોટી ઓળખ આપી લગ્ન કર્યાં હોવાનું માલુમ પડતાં તેણે તેની સાથેના સંબંધો પર પુર્ણ વિરામ મુકી દીધો હતો. પરિવારજનોને ઘટનાની જાણ થતાં તેઓએ અતિકના પરિવારને આ મામલે કહેવા જતાં તમારી પુત્રી હલકી જાતીની હતી હવે મુસ્લીમમાં લગ્ન કરી ઉંચી જાતથી થઇ ગઇ તેમ કહીં તેને જાતિવિષયક શબ્દો પણ ઉચ્ચાર્યાં હતાં. ઘટનાને પગલે યુવતિએ આખરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે અતિક સૈયદ ઉર્ફે આરવ પરમારની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 06/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# અંકલેશ્વરમાં દારૂ સાથે યુવાન ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની ઈ એસ. આઈ. સી હોસ્પિટલ રોડ પર દારૂનો જથ્થો લઈએક યુવાન પસાર થઈ રહ્યો છે તેવી બાતમી મળતાં પોલીસે વોચ ગોઠવી હતી. શંકાસ્પદ યુવાન આવતાં તેને રોકી તલાશી લેવાતાં તેની પાસેથી દારૂની બોટલો અને બિયરના ટીન મળી આવ્યાં હતાં. પોલીસે આરોપી સાહિલ વસાવાની ધરપકડ કરી તે દારૂ ક્યાંથી લાવ્યો અને કોને આપવાનો હતો તેની પૂછપરછ ચાલી રહી છે.

DATE: 06/07/2023 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–04

# છીદ્રા ગામે જૂગાર રમતાં 4 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસર તાલુકામાં આવેલાં છીદ્રા ગામે કેટલાંક શખ્સોએ જુગાર રમતાં હોવાની ચોક્કસ બાતમી કાવી પોલીસને મળી હતી . જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં જુગારિયાઓમાં દોડધામ મચી ગઇ હતી. જોકે, જુગારિયાઓન પિછો કરી જુગાર રમનારા સચિન ઓડ, શંભુ રાઠોડ, ભારત ગોહિલ તેમજ મહેશ ઉર્ફે લંગડો મનુ રાઠોડને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની અંગ ઝડતીમાંથી તેમજ દાવપર લાગેલા રૂપિયા મળી કુલ 5 હજારથી વધુની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 06/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## યોગી એસ્ટેટના ગોડાઉનમાં પોલીસનો દરોડો

# અંકલેશ્વરમાંથી ₹ 7.76 લાખનો મિક્સ સોલવન્ટનો જથ્થો સીઝ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ગ્રામ્ય પોલીસને જીતાલી ગામની સીમમાં આવેલ યોગી એસ્ટેટમાં પ્લોટ નંબર 23 માં આવેલ ગોડાઉનમાં શંકાસ્પદ કેમિકલ ભરેલા ડ્રમ પડ્યા હોવાની બાતમી મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. ગોડાઉનમાં તપાસ કરાતાં 194 જેટલા ડ્રમ મળી આવ્યાં હતાં. ગોડાઉનના માલિક લલિત સતાણીને કેમિકલ અંગે પૂછતાં તેણે ઉડાઉ જવાબ આપવાનું શરૂ કરી દીધું હતું તેમજ તેની પાસે કેમિકલના જથ્થા અંગે બિલ કે અન્ય કોઈ પુરાવા ન હતાં. ડ્રમોમાં રહેલું મિક્સ સોલવન્ટ ચોરીનું હોવાનું માની પોલીસે 7.74 લાખનો મુદ્દામાલ સીઝ કરી લીધો હતો. પોલીસે ગોડાઉન સંચાલકની અટકાયત કરી કેમિકલ કોની પાસેથી મેળવ્યું તે દિશામાં તપાસ શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અંકલેશ્વર અને પાનોલીમાં હજારો ઉદ્યોગો આવેલાં હોવાથી કેમિકલ ચોરીના બનાવો પણ વધી રહયાં હોવાના કારણે પોલીસ પણ સર્તક બની ગોડાઉનોમાં તપાસ ચલાવી રહી છે.

**DATE: 06/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

### અંકલેશ્વર રૂરલ પોલીસ દ્વારા આયોજન કરાયું

# જીતાલીની પ્રાથ-માધ્ય. શાળામાં SPC પ્રવેશોત્સવની ઉજવણી થઈ

## વિદ્યાર્થી- વાલીઓને એસ.પી.સી પ્રોજેક્ટની જાણકારી આપવામાં આવી

। અંકલેશ્વર ।

અંકલેશ્વર રૂરલ પોલીસ દ્વારા જીતાલી ગામની પાયોનીયર પ્રાથમિક શાળા અને માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં પોલીસ અધિકારી દ્વારા ધોરણ-૮ના વિદ્યાર્થીઓને અને વાલીઓને એસ.પી.સી. પ્રોજેક્ટ વિષે સંપુર્ણ જાણકારી આપવામાં આવી હતી.

ભરૂચ જિલ્લા પોલીસ અધીક્ષક ડૉ.લીના પાટીલ ના માર્ગદર્શન હેઠલ જીલ્લાના કુલ-૨૫ પોલીસ સ્ટેશનોમાં તા.૦૩/૭/૨૩ અને ૦૪/૦૭ ૨૦૨૩ ના દિવસને શાળા પ્રવેશોત્સવ પર્વની જેમ સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો જે અંતર્ગત અંકલેશ્વર રૂરલ પોલીસ મથક દ્વારા જીતાલી ગામની પાયોનીયર પ્રાથમિક શાળા અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમીક શાળામાં પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર એચ.વી રાઠોડ ની અધ્યક્ષતા હેઠળ સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ધોરણ-૮ ના વિદ્યાર્થીઓને અને તેમના વાલીઓને એસ.પી.સી પ્રોજેક્ટ વિષે સંપુર્ણ જાણકારી આપવામાં આવી હતી આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ ૨ વર્ષ સુધી આ પ્રોજેક્ટમાં જોડાઈને વિવિધ વિષયો જેવા કે, ઈન્ડોર તાલીમ, આઉટડોર તાલીમ, પ્રોજેક્ટ, ફિલ્ડ વિઝિટ, વિગેરે બાબત શીખવવામાં આવશે તેમજ નિવાશી/બિન નિવાશી કેમ્પ નું પણ આયોજન કરવામાં આવશે જે બાબતે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી સાથે આ એસપીસી પ્રવેશોત્સવ માં ધોરણ ૮ ના ૪૪ અને ધોરણ ૯ ના ૪૪ વિદ્યાર્થીઓ ને પસંદ કરી એસપીસી તાલીમ માટે વિધિવત પ્રવેશ આપવામાં આવ્યો હતો આ કાર્યક્રમ માં સ્કૂલ ના આચાર્ય ,રૂરલ પોલીસ મથક ના પોલીસ કર્મચારીઓ સહીત ગામના આગેવાનો અને વાલીઓ હાજર રહ્યા હતા

**DATE: 07/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# ઉમલ્લાની કે.આર.પટેલ વિદ્યામંદિરમાં એસપીસી પ્રવેશ ઉત્સવ ઉજવાયો



ઝઘડિયા । ઉમલ્લાની કે.આર.પટેલ વિદ્યા મંદિર ખાતે એસપીસી પ્રવેશ ઉત્સવની ઉજવણીના ભાગરૂપે એસપી ડો.લીના પાટીલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉમલ્લા પોલીસ મથકના પીએસઆઇ બી.આર. પટેલ દ્વારા વિદ્યાર્થી ઓ ને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતાં. તેમજ પી.એસ. આઈ દ્વારા વિદ્યાર્થીઓને પોલીસ મથકની મુલાકાત કરવા માટે આમંત્રણ આપ્યું હતું.

### અંકલેશ્વરના નવાગામ અને વડોદરાના બૂટલેગર માટે ખેપ મારી રહ્યાં હતાં

# મુંબઈ-ઈન્દોરથી બે વૈભવી કારમાં દારૂ લાવનાર 5 નેત્રંગ રોડ પરથી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગ પોલીસને ચોક્કસ માહિત મળી હતી કે,દેડિયાપાડા તરફથી એક સ્કોડા કારમાં વિદેશીદારૂનો જથ્થો લઈ ત્રણ શખ્સો નેત્રંગ તરફ આવી રહ્યાં છે. જેના પગલે થવા ચેકપોસ્ટ પર ટીમે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની કાર આવતાં તેને રોકી પુછપરછ કરતાં ચાલકનું નામ મિતેશ ઉર્ફે કાલુ વસાવા ( રહે. નવાગામ, અંકલેશ્વર) તેમજ સાથેના શખ્સોના નામ માસુમ ઉર્ફે બિલ્લો ફિરોજ વસાવા તેમજ આસીફ ઉર્ફે કોન્ડુ સોકત લાખાણી (બન્ને રહે. વાપી) હોવાનું માલુમ પડ્યું હતું. તેમણે કારમાં 1.88 લાખના વિદેશીદારૂનો જથ્થો મળી આવતાં દારૂ તેમજ કાર ત્રણ મોબાઈલ મળી કુલ 26.88 લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો.

બીજી તરફ અન્ય એક ટીમે નેત્રંગ ચોકડી પર ચંદ્રવાણ ગામ તરફથી આવતી અર્ટીગા કાર ઝડપી પાડી હતી. જેમાં તપાસ કરતાં 2.39 લાખનો વિદેશીદારૂનો જથ્થો મળી આવતાં ડ્રાઈવર સહિત બન્ને શખ્સોની પુછપરછ કરતાં તેમના નામ પિયુષ દિલીપ રાવ, પરમજીતસિંહ શંભુસિંહ રાઠોડ( બન્ને રહે. ઉદયપુર, રાજસ્થાન) હોવાનું માલુમ પડ્યું હતું તેમણ જણાવ્યું હતું કે, તેમના શેઠ તેરસિંઘ ઉર્ફે બાપુ( રહે. રાજસ્થાન) નામના તેમના શેઠે ઈન્દોર પાસેના હટકરા ગામેથી દારૂ ભરેલી કાર આપી હતી. જે વડોદરા પહોંચાડવાની હતી. વડોદરા પહોંચ્યાં બાદ ફોન કરે ત્યારે ત્યાંનો શખ્સ કાર લેવા આવનાર હતો.

**DATE: 07/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

ભાસ્કર વિશેષ | નબીપુર પોલીસે બેઠક યોજી ગુનાખોરી રોકવા શું પગલાં લેવા તેની જાણકારી આપી

# હાઇવે પર પોલીસની સાથે હોટલ સંચાલકો નજર રાખશે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ નેશનલ હાઈવે પર નબીપુર વિસ્તારમાં આવેલી 50થી વધુ હોટલોના માલિક-સંચાલકો તેમજ સિક્યુરિટી ગાર્ડ સાથે પોલીસ વિભાગે ખાસ બેઠક યોજી હતી. હાઈવેની કેટલીક હોટલોના સંકુલમાં અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદે પ્રવૃત્તિને અંજામ આપવામાં આવે છે. ત્યારે હોટલ સંચાલકો તેમજ સિક્યુરિટી ગાર્ડ દ્વારા તકેદારી રાખી આ પ્રકારની કોઈ વિગતો મળે તો તુરંત પોલીસને જાણ કરવા સૂચના આપવામાં આવી હતી.

નબીપુર પોલીસ મથકના હદમાંથી પસાર થતાં નેશનલ હાઈવે પરની કેટલીક હોટલો પર આગાઉ અસામાજિક પ્રવૃત્તિઓ ઝડપાઈ છે. જેમાં હોટલ કંપાઉન્ડમાં વાહનો પાર્ક કરી દારૂની હેરોફેરી સહિતના ગુનાઓ પોલીસે પકડ્યાં છે. ત્યારે હોટલ સંચાલકો તેમજ માલિકો તેમજ સિક્યુરિટી ગાર્ડ્સ સાથે ખાસ બેઠક યોજી નબીપુર પોલીસ દ્વારા અસામાજિક પ્રવૃત્તિઓ પર ખાસ નજર રખવા સુચના આપવામાં આવી હતી. નબીપુર પોલીસ મથકના પીએસઆઈ કે. એમ. ચૌધરીએ સુરક્ષાને લઈને ખાસ બેઠક યોજી હતી.

જેમાં તેમણે દરેક હોટલ સંચાલકોએ એકથી બે સીસીટીવી કેમેરાની ગોઠવણ એવી રીતે રાખવા જણાવ્યું હતું કે, હાઈવેનો માર્ગ નાઈટ વિઝનમાં પણ સારી રીતે દેખાઈ શકે. સિક્યુરિટી ગાર્ડ્સે પણ તેમના હોટલના સંકુલમાં કોઈ શકમંદ પ્રવૃત્તિ જુએ તો હોટલ સંચાલક અને બાદમાં માલિકને ફોન કરી સમય વેડફવાને બદલે પહેલા જ પોલીસને જાણ કરે તે માટે તાકીદ કરી હતી. હોટલમાં રોકાનારા લોકોની એન્ટ્રી પથિક સોફ્ટવેરમાં અચુકપણે કરવા તેમજ તેમના આઈકાર્ડની ખરાઈ કરવા પણ સમજણ આપી હતી.



**DATE: 08/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# આદર્શ સ્કૂલ ખાતે એસ પી સી પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો



**અંકલેશ્વર ।** અંકલેશ્વર અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથક દ્વારા આદર્શ સ્કૂલ ખાતે પીઆઇ આર.એચ.વાળા ની અધ્યક્ષતા હેઠળ સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ધોરણ-8 ના વિદ્યાર્થીઓને અને તેમના વાલીઓને એસ.પી.સી પ્રોજેક્ટ વિશે સંપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી આ કાર્યક્રમમાં મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ ર વર્ષ સુધી આ પ્રોજેક્ટમાં જોડાઈને વિવિધ વિષયો જેવા કે, ઈન્ડોર તાલીમ, આઉટડોર તાલીમ, પ્રોજેક્ટ, ફિલ્ડ વિઝિટ, નિવાસી કેમ્પ વિગેરે ઉપર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી

**DATE: 08/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# કંબોલી પ્રાથમિક શાળામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ નો વર્ગ શરૂ કરાયો



પાલેજ : કંબોલી પ્રાથમિક શાળામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ નો વર્ગ શરૂ કરવામાં આવ્યો છે.આ નિમિત્તે યોજાયેલ પ્રવેશ કાર્યક્રમમાં પાલેજ પોલીસ સ્ટેશનના પી.આઈ શિલ્પાબેન દેસાઈ તથા પોલીસ સ્ટાફ કંબોલી ગ્રામ પંચાયતના સરપંચ હનીફભાઈ હાઈસ્કૂલના પ્રમુખ સઈદભાઈ આચાર્ય પઠાણ સહિતના મહેમાનો હાજર રહયાં હતાં.

ગાડીના હપ્તા બાબતે બીજા સાથે ઝગડો થતાં ભાંડો ફૂટયો, નમૂના તપાસમાં મોકલાયાં

# ભરૂચના યુવાન પાસેથી 15 કિલો શંકાસ્પદ ગૌમાંસ મળ્યું, હોમ ડિલિવરીની આશંકા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં રહેતો શકીલ કુરેશી નામનો યુવાન બાઈક પર પ્લાસ્ટિકની થેલી લઈને જઈ રહયો હતો દરમિયાન તેને એક યુવાને અટકાવ્યો હતો અને બાઈકનો હપ્તો કેમ ભરતો નથી તેમ કહી બોલાચાલી શરૂ કરી દીધી હતી. તેણે શકીલ પાસે રહેલી પ્લાસ્ટિકની થેલીની તપાસ કરતાં તેમાંથી માંસના પેકેટ મળી આવ્યાં હતાં. આ માંસ ગૌમાંસ હોવાની શંકા વ્યકત કરી એ ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે સ્થળ પર આવી યુવાનની અટકાયત કરી માંસનો 15 કિલોનો જથ્થો કબજે લીધો હતો. યુવાન પાસેથી મળેલું માંસ ગૌમાંસ છે કે કેમ તેની તપાસ માટે નમૂના એફએસએલમાં મોકલાયાં છે. બીજી તરફ માંસ વ્યવસ્થિત પેકેટમાં હોવાથી તેને કોઈના ઘરે અથવા હોટલોમાં આપવામાં આવતું હોવાની પણ આશંકા છે. જો કે એફએસએલના રીપોર્ટ બાદ વધુ વિગતો સપાટી પર આવશે.

ભરૂચ માં આવેલ બી.એસ.એન.એલ ની ઓફિસ સામે ટૂવિલર લઈને જતા શકીલ ખુરેશી ને સીઝર બોઈ દ્વારા રોકવામાં આવ્યો હતો અને ટૂવિલર નો હપ્તો કેમ નથી ભરતો એમ પૂછતા શકીલ ખુરેશી સીઝર બોય સાથે માથાકૂટ કરતા શકીલ ખુરેશી પાસે રહેલા પ્લાસ્ટિકની બેગ ની તપાસ કરતાં અંદર થી માસ થી ભરેલી થેલી ઓ મળી હતી જે અંદાજે 15 કિલો જેટલો માસ હતું જે ગૌમાસ હોવાની શંકાએ ભરૂચ એ ડિવિઝન પોલીસ્ટેસન ને જાણ કરતા પોલીસ ઘટના સ્થળ પર પહોંચી શકીલ ખુરેશી ની અટકાયત કરવામાં આવી હતી તેમજ માસ ના સેમ્પલ લઈને એફ.એસ.એલ કરવા માટે મોકલવામાં આવ્યા છે. ઝડપાયેલો યુવાન માંસના પેકેટ ક્યાંથી લાવતો હતો અને કોને આપતો હતો તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

**DATE: 09/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# સંજાલી ગામેથી 9 ખેલી ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના સંજાલી ગામના ગોલ્ડન ટાઉનશીપમાં સલીમની ચાલમાં જુગારનો અડ્ડો ધમધમી રહયો હતો અને મોટી સંખ્યામાં ખેલીઓ જુગાર રમવા માટે આવતાં હતાં. બાતમી મળતાં એલસીબીએ દરોડો પાડયો હતો જેમાં 9 ખેલીઓને 26 હજારના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયાં છે. તમામ વિરૂધ્ધ જુગારધારાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

**DATE: 09/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અપહરણના ગુનામાં ફરાર મહિલા ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીને બાતમી મળી હતી કે,અંકલેશ્વર શહેર પોલીસ મથકના અપહરણ તથા આપઘાત માટે દુષ્પ્રેરણાના ગુનામાં સંડોવાયેલી અને 10 મહિનાથી નાસતી ફરતી મહિલા આરોપી ભરૂચમાં જોવા મળી છે. શહેરના કોર્ટ રોડ ઉપર વોચ ગોઠવીને મૂળ બોરી ગામની અને હાલ વડદલાન અતિથી રીસોર્ટ નજીક આવેલ શીલ્પીસીટી રેસીડેન્સીમાં રહેતી મહિલા આરોપીને ઝડપી પાડી હતી. ત્યારબાદ મહિલા આરોપીને ભરૂચ એ ડીવીઝન પોલીસને હવાલે કરવામાં આવી છે.

**DATE: 09/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ એલસીબીએ દમણમાં દરોડો પાડ્યો

# રાજ્યના 31 ગુનાઓમાં વોન્ટેડ બુટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ ક્રાઈમ બ્રાંચની ટીમે દમણ પોલીસની મદદથી નાની દમણ વિસ્તારમાંથી અંકલેશ્વરની ગાર્ડન સીટીમાં રહેતા નામચીન બુટલેગર જીગ્નેશ પરીખ અને કીમની રુદ્રાક્ષ રેસીડિન્સીમાં રહેતા રાજેન્દ્ર મિસ્ત્રીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓને જીઆઈડીસી પોલીસ ના હવાલે કર્યા હતાં. બુટલેગર જીજ્ઞેશ પરીખ સામે રાજ્યના અલગ અલગ જીલ્લાઓમાં કુલ 31 ગુનાઓ નોંધાયેલા છે.ભરૂચ જિલ્લાની વાત કરીએ તો ભરૂચના સી ડિવિઝનમાં 05 અને અંકલેશ્વરના અલગ અલગ પોલીસ મથકોમાં 06 ગુના જ્યારે રાજેન્દ્ર મિસ્ત્રી ઉપર ભરૂચ એ.ડિવિઝનમાં 01 અને અંકલેશ્વર શહેર પોલીસ મથકમાં 01 મળીને કુલ બે ગુના નોંધાયેલા છે. અંકલેશ્વર જીઆઈડીસીમાં લાખો રૂપિયાનો દારુનો જથ્થો ઝડપાયો હતો જેમાં જીજ્ઞેશ પરીખનું નામ ખુલ્યું હતું. આ ઉપરાંત એક ફેક્ટરીના શેડમાંથી પણ વિપૂલ માત્રામાં દારૂ ઝડપી લેવાયો હતો.

**DATE: 09/07/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### રીકશા પાછળ લખાવ્યું : કોઇ ધંધા છોટા નહીં હોતા...

# કહાનવા નજીકથી દારૂની ખેપ મારતાં વડોદરાના 3 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસર તાલુકાના કહાનવા ગામની કેનાલ નજીકથી પોલીસે રીકશામાં દારૂની ખેપ મારી રહેલાં વડોદરાના 3 ખેપિયાને ઝડપી પાડયાં છે અને મહત્વની બાબત તો એ હતી કે, તેઓ જે રીકશામાં ખેપ મારતાં હતાં તેની પાછળ તેમણે રઈશ ફિલ્મનો ડાયલોગ કોઈ ધંધા છોટા નહિ હોતા ઓર ધંધે સે બડા કોઈ ધર્મ નહિ લખાવ્યો હતો.

વેડચ પોલીસે બાતમીના આધારે કહાનવા ગામ પાસેથી પસાર થતી કેનાલ પાસે વોચ ગોઠવી વડોદરા શહેરના ત્રણ ખેપિયાઓને ઝડપી પાડયાં છે. 33 હજારનો દારૂ તથા રીકશા મળી કુલ 1.30 લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડયાં છે. ઝડપાયેલાં ખેપિયાઓમાં વડોદરાના કલાલી ફાટક પાસે રહેતાં રોહિત સોલંકી, વડોદરાના ખિસકોલી સર્કલ પાસે રહેતાં હરિકૃષ્ણ રાજપૂત અને જે.પી.રોડના મહેશ ઉર્ફે કાળિયા માળીનો સમાવેશ થવા જાય છે. આરોપીઓ વડોદરાથી રીકશામાં દારૂની ખેપ મારતાં હોવાનું બહાર આવ્યું છે અને તેમણે રીકશાની પાછળ રઈશ ફિલ્મનો ડાયલોગ કોઈ ધંધા છોટા નહિ હોતા ઓર ધંધે સે બડા કોઈ ધર્મ નહિ લખાવ્યો હતો. હાલ તો પોલીસે ત્રણેયની ધરપકડ કરી તેઓ દારૂ ક્યાંથી લાવ્યાં હતાં અને કોને આપવા જતાં હતાં તેની તપાસ હાથ ધરી છે. આરોપી પાસેથી દારૂની નાની અને મોટી મળી 236 જેટલી બોટલ મળી આવી છે.